For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# માંજલપુર-હરણી તળાવમાં કરેલી વ્યવસ્થામાં પાલિકા નિષ્ફળ

## દશામાની કેટલી પ્રતીમાઓ સ્થાપવામાં આવી તેનો અંદાજ કાઢવામાં પાલિકા નિષ્ફળ

હરણી તળાવ



માંજલપુર તળાવ



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરના માંજલપુર અને હરણી તળાવમાં કરેલી વ્યવસ્થામાં પાલિકા નિષ્ફળ નીવડી છે. શહેરમાં અપાર ભક્તિ ભાવપૂર્વક ઉજવાતા મા દશામાના વ્રતમાં મૂર્તિઓની વિસર્જન માટે વડોદરા કોર્પોરેશન દ્વારા પ્રતિ વર્ષ ચારેય ઝોનમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી જ હોય છે. કોર્પોરેશન દ્વારા દશામાના વ્રત બાદ આવતા ગણેશ વિસર્જનની તૈયારીના ભાગરૂપે ટેન્ડર પ્રક્રિયા કરીને વિસ્તારોમાં કૃત્રિમ તળાવ બનાવવામાં આવતા હોય છે અને તે તળાવોમાં દશામાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે, પરંતુ આ વખતે ટેન્ડર પ્રક્રિયા મોડી થવાના કારણે કોર્પોરેશન કૃત્રિમ તળાવ બનાવી ન શકતા કોર્પોરેશનને હરણી તળાવમાં વ્યવસ્થા કરવાની ફરજ પડી છે. ગત વર્ષે હરણી રોડ ઉપર કૃત્રિમ તળાવની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વર્ષે માંજલપુર કૃત્રિમ તળાવની ક્ષમતા કરતાં વધુ શ્રદ્ધાળુ મૂર્તિ લઈને પહોંચ્યા છે. જો કે, કૃત્રિમ કુંડની ક્ષમતા કરતા મૂર્તિઓ વધી જતા શ્રદ્ધાળુઓએ પાછા જવાનો વારો આવ્યો છે.

આ અંગે વિસર્જન કરવાં આવેલા સામાજિક આગેવાન અતુલ ગામેચીએ જણાવ્યું હતું કે, આજે 10 દિવસ બાદ મા દશામાનું વિસર્જન કરવામા આવી રહ્યું છે. પાલિકાએ ગોરવા, માંજલપુર અને હરણી તળાવમાં બાજુમાં કુંડ બનવી વિસર્જનની વ્યવસ્થા કરી છે. શહેરનાં પૂર્વ અને ઉત્તર ઝોનના હજારો શ્રદ્ધાળુઓ અહીંયાં વિસર્જન અર્થે આવ્યા છે અને હજુ લોકોની લાઈનો છે. આ કુંડ ભરાય ગયો છે. પાણી કરતાં ઉપર મૂર્તિઓ આવી ગઈ છે, અહીં મૂર્તિઓના થપ્પા લાગ્યા છે. ત્યારે પાલિકા ફરી એકવાર આયોજનમાં નિષ્ફળ: રહી છે. ત્યારે આવનારા સમયમાં યોગ્ય વ્યવસ્થા થાય તેવી અમારી માગ છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા કોર્પોરેશનના અધિકારી-પદાધિકારીઓને પહેલેથી જ ખબર છે કે, વડોદરા શહેરમાં હજારોની સંખ્યામાં દશામાની મૂર્તિઓનું સ્થાપન થાય છે તો પછી યોગ્ય વ્યવસ્થા શા માટે નહીં? શા માટે લોકોની આસ્થા સાથે રમત? કેપીસીટી કરતાં વધુ મૂર્તિઓ આવતા પાલિકાની પોલ ખુલી પડી છે, આવાં અનેક સવાલો ઉભા થઈ રહ્યાં છે.

### ખખડધજ રસ્તાઓ ને કારણે ઠેકરનાથ યુવક મંડળ દ્વારા સ્થાપિત સૌથી મોટી દશામાંની પ્રતિમા તૂટી ગઈ



ઠેકરનાથ યુવક મંડળ દ્વારા દશામાંના આગમન તથા વિસર્જનમા હજારો શ્રધ્ધાળુઓ જોડાય છે. પ્રતિમાનું આગમન જેટલું ધમાકેદાર હોય છે જેને જોવા માટે ગધેડામાર્કેટ ચારરસ્તા થી મહાવીર હોલ ચારરસ્તા તથા સંગમ રોડપર માનવમહેરામણ ઉમટી પડે છે તે જ રીતે દશામાંના વિસર્જન સમયે પણ મોટી સંખ્યામાં ભક્તો જોડાય છે ગતરોજ દશામાંની પ્રતિમાને વાજતેગાજતે હરણી તળાવ ખાતે લ ઇ જવાઇ હતી જ્યાં ક્રેનથી પ્રતિમાને તળાવમાં વિસર્જન માટે નીચે ઉતારવામાં આવી તે જ સમયે દશામાંની પ્રતિમા કમરના ભાગેથી અચાનક તૂટી પડતા શ્રધ્ધાળુઓમાં દુખની લાગણી વ્યાપી ગઇ હતી સાથે જ કેટલાક શ્રધ્ધાળુઓ દ્વારા ખરાબ રોડરસ્તાઓ ને કારણે આ થયું હોવાનો બળાપો કાઢી તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા.

### દશામાંની પ્રતિમાઓના વિસર્જન સમયે સંગમ રોડથી હરણી તળાવ સુધી ટ્રાફિક

શહેરના સંગમ રોડથી હરણી સ્થિત કૃત્રિમ તળાવ ખાતે વિવિધ મંડળો દ્વારા તથા જે લોકોએ પોતાના ઘરોમાં દશામાંની સ્થાપના કરી હતી તેઓ વિવિધ ગાડીઓમાં, પગપાળા માંઇભક્તો,શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં નિકળ્યા હતા તે દરમિયાન સમગ્ર રુટ પર તેમજ ખાસ કરીને એરપોર્ટ સર્કલથી હરણી રોડ તરફ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યાં હતાં. ઠેરઠેર માનવમહેરામણ થી એરપોર્ટ તરફ તથા હાલોલ તરફ જતાં લોકો અટવાયા હતા જો કે પોલીસ તથા ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક સુચારુ બને તે માટેની કવાયત હાથ ધરવામાં આવી હતી. મંગળવારે મોડી રાતથી શરૂ થયેલ દશામાંની પ્રતિમાઓના વિસર્જન વહેલી સવારે છ વાગ્યા સુધી ચાલ્યું હતું. વહેલી સવારે પણ અહીં નોકરિયાત વર્ગને ટ્રાફિકને કારણે થોડી મૂંઝવણ અનુભવાઇ હતી.



કૃત્રિમ તળાવનો મામલો

### વિસર્જન થયેલ દશામાંની મૂર્તિ સાથે મેયરની કેબીન બહાર યુથ કોંગ્રેસના ધરણા



વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિસર્જન થયેલ મૂર્તિઓને કૃત્રિમ તળાવ અને બનાવેલ કુંડમાંથી બહાર કાઢી ફરીથી વિસર્જન માટે લઈ જવાઈ હતી. ત્યારે વડોદરા શહેર યુથ કોંગ્રેસ દ્વારા વિસર્જન થયેલ મૂર્તિઓને વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે લાવવામાં આવી હતી અને મેયરની કેબીનની બહાર મૂર્તિ સાથે બેસીને રોષ ઠાલવ્યો હતો. વડોદરા શહેર યુથ કોંગ્રેસ નાં કાર્યકારી પ્રમુખ હેરી ઓડે મીડિયામાં જણાવ્યું કે દસ દિવસની પૂજા અર્ચના કર્યા બાદ જ્યારે ભક્તો મોડી રાત્રે દશામાની મૂર્તિનું વિસર્જન કરવા માટે તળાવ ઉપર પહોંચ્યા હતા ત્યારે તેમને વિસર્જન કરવા માટે ની જગ્યા મળી ન હતી.

### 31 જુલાઈનાએ પાલિકા તથા પ્રશાસન સમક્ષ માગ કરાઈ હતી છતાં કોઈ પણ પ્રકારની કામગીરી કરાઈ ન હતી : કમલેશ પરમાર



સંસ્કારી નગરી વડોદરામાં એક મોટો હિન્દુ વર્ગ દશામાંના પર્વની દસ દિવસ સુધી ઉજવણી કરતો આવ્યો છે. લોકોની આસ્થા જોડાયેલી છે તેવા આ વ્રતની શરૂઆત ગત તા. 04 ઓગસ્ટે થઇ હતી ત્યારે દસ દિવસ સુધી ચાલનારા આ પર્વ અગાઉ શહેરના સામાજિક કાર્યકર કમલેશ પરમાર દ્વારા માં દશામાંની પ્રતિમાઓના વિસર્જન અંગે શહેરના તમામ કૃત્રિમ તળાવોમાં સફાઇ કરી તેમાં પાણી ભરવા, કૃત્રિમ તળાવો સુધીના રસ્તાઓની સફાઇ કરાવવા, લાઇટ તથા તરાપાની વ્યવસ્થા સાથે સાથે લોકોની સુરક્ષા ખાસ કરીને રાત્રે મહિલાઓ મોટી સંખ્યામાં વિસર્જનમા આવતા હોય આ તમામ બાબતે ગત તા. 31જુલાઇના રોજ પાલિકા તથા પ્રશાસન સમક્ષ માગ કરાઇ હતી પરંતુ પાલિકા તંત્ર દ્વારા કોઇપણ પ્રકારની કામગીરી આ સંદર્ભે કરાઇ ન હતી જેના કારણે મંગળવારે મોડી રાત્રે દશામાંની પ્રતિમાઓના વિસર્જન માટે માઇ ભક્તોને ખૂબ હાલાકી ઉઠાવવી પડી હતી.

### પાલિકાના મેયર, સ્થાયી સમિતિના ચેરમેન તથા અધિકારીઓએ કૃત્રિમ તળાવોની શું સમીક્ષા કરી?

દસ દિવસના દશામાંના માંઇભક્તોને ત્યાં આતિથ્ય બાદ દશામાંની પ્રતિમાઓનુ મંગળવારે વિસર્જન હોય છેલ્લી ઘડીએ વડોદરા મહાનગરપાલિકાના મેયર પિન્કીબેન સોની, સ્થાઇ સમિતિના ચેરમેન ડો.શીતલ મિસ્ત્રી ,ડેપ્યુટી મેયર, દંડક તથા પૂર્વ મેયર, પૂર્વ સ્થાઇ ચેરમેન સહિતના અધિકારીઓ સાથે કૃત્રિમ તળાવોની મુલાકાત સાથે સમીક્ષા કરવામાં આવી હતી અને તેના ફોટાઓ મેયર પિન્કીબેન સોનીએ પોતાના સોશિયલ મિડિયા ઉપર શેર કર્યા હતા પરંતુ બીજા જ દિવસે એટલે કે મંગળવારે દશામાંની પ્રતિમાઓના વિસર્જન સમયે પાલિકાની નિષ્ક્રિય કામગીરીને પગલે માંઇભક્તોએ મૂર્તિ વિસર્જન કરવામાં ખૂબ તકલીફ પડી કારણ કે કૃત્રિમ તળાવોમાં પૂરતું પાણી સહિતની અવ્યવસ્થા થી ભક્તોની લાગણીઓ દૂભાઇ. મેયરને લોકોએ આ સંદર્ભે ફોન કરવાનું શરૂ કર્યું ત્યારે બીજી તરફ મેયરે પોતાનું સોશિયલ મિડિયા હેક થયું હોવાનું જણાવ્યું હતું. શું ખરેખર મેયરનુ સોશિયલ મિડિયા હેક થયું કે પછી લોકોના આક્રોશને ખાળવા, જવાબ ન આપવો પડે તે માટે આ કારણ આગળ ધર્યું હતું?તેવી ચર્ચાઓ ઉઠવા પામી છે.

---

**પત્નીના પ્રેમ સંબંધ અંગે પતિને જાણ થઇ જવાના કારણે બંને વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા**


# મોગલવાડામાં પ્રેમી સાથે મળીને પત્ની દ્વારા પતિનું ગળુ-મોઢુ દબાવી ઠંડે કલેજે હત્યા

ટ્રાઇએન્ગલ લવ સ્ટોરીમાં પત્ની કરૂણ અંજામ , પ્રેમ સંબંધ આડખીલી બનતો હોય પત્નીએ પ્રેમી સાથે મોડી રાત્રીના સમયે ખેલ પાડ્યો


**પોલીસ** દ્વારા ગણતરીના કલાકોમાં હત્યારી પત્ની અને તેની પ્રેમીની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરમાં ટ્રાઇ એન્ગલ લવ સ્ટોરીનો કરૂણ અંજામ આવ્યો છે. જેમાં વાડી વિસ્તારમાં રહેતા પત્નીના અન્ય યુવક સાથે પ્રેમ સંબંધના કારણે દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. દરમિયાન પત્ની અને પ્રેમીએ હત્યાનો પ્લાન બનાવી બંનએ રાત્રીના સમયે ઉંઘી રહેલા પતિનું મોઢુ તથા ગળુ દબાવીને ઠંડે કલેજે હત્યા કરી હતી. વાડી પોલીસે ગણતરીના કલાકોમાં હત્યારી પત્ની અને તેના પ્રેમી ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.



મૃતક હમઝા



આરોપી સાહિલ

વાડી મોગલવાડા મદીના મસ્જીદ પાસે સોહેલ ચેમ્બરમાં રહેતા અબ્દુલકાદીર મોહંમદસાબીર તનસુજવાલાના પુત્ર મોહમ્મદ હમજાના લગ્ન બીબીફાતેમા સાથે થયા હતા. પરંતુ બીબીફાતેમાને છેલ્લા ત્રણ વર્ષથી હાથીખાના ખાતે રહેતા સાહીલ સાજીદખાન પ્રેમ સંબંધની જાણ મોહમ્મદ હમજાના થઇ ગઇ હતી. જેથી પતિ-પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. જેથી બીબીફાતેમા તથા સાહીલના પ્રેમ સંબંધ વચ્ચે મોહમંદ હમજા આડખિલી બનતો હોય બંને પ્રેમી પંખીએ તેનું કાસળ કાઢી નાખવાનો પ્લાન ઘડ્યો હતો અને 12 ઓગષ્ટના રોજ રાત્રીના સમયે પતિ ઉંઘી ગયો હતો. તે દરમિયાન બીબીફાતીમાએ તેના પ્રેમીને ફોન કરીને બોલાવ્યો હતો. દરમિયાન મોડી રાત્રીના સમયે ઉંઘી રહેલા પતિના મોઢા પર પ્રેમી સાહીલ પઠાણે બીબીફાતેમા સાથે મળીને મોઢુ તથા ગળુ દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતો. જેની ફરિયાદ મૃતક મોહમંદ હમજાના પિતાએ વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી પ્રેમી પંખીડાની ધરપકડ કરી વધુ પુછપરછ કરવા માટે પોલીસ દ્વારા આજે રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાશે.

### પત્નીનો એક્સિડેન્ટલ ડેથમાં ખપાવવાનો પ્રયાસ

12 ઓગષ્ટના રોજ રાત્રીના સમયે પત્ની બીબીફાતેમા રાત્રીના સમયે બીબીફાતેમાએ તેના સસરાને જણાવ્યું હતું કે મોહંમદ હજાના કોઇ પ્રકારની હલન-ચલન કરતા નથી. જેથી તેના પિતાએ આવી જોતા પુત્ર બેશુધ્ધ હાલતમાં હતો. જેથી તેને એસએસજી હોસ્પિટમલાં સારવાર માટે ખસેડ્યો હતો. જ્યાં તબીબીઓ તેને મૃત જાહેર કર્યો હતો. જેથી એસએસજીની વરધીના આધારે પહેલા વાડી પોલીસે એડી દાખલ કરી કાર્યવાહી શરૂ કરી હતી. પરંતુ પોલીસ દ્વારા હત્યાને એક્સિડેન્ટલ ડેથમાં ખપાવવાના કાવતરાના પર્દાફાશ થયો હતો.

### મૃતકના શરીર પર ઇજાના નિશાનથી શંકા ગઇ

પોલીસ દ્વારા મૃતક મોહમદ હમજાની પહેલા એડી તરીકે તપાસ શરૂ કરી હતી. જેમાં એસએસજીમાં પીએમ કરાવવા સાથે વિસેરા પણ લેવામાં આવ્યા છે. મૃતકના શરીર પર નખના નિશાન મળી આવ્યા હોય પોલીસને પહેલાથી જ તેની સાથે કોઇ અજુગતુ થયુ હોવાની શંકા હતી. દરમિયાન તેની પત્નીની કડકાઇથી પુછપરછ શરૂ કરી હતી જેમાં તેણે વટાણા વેરી નાખ્યા હતા પોતે પ્રેમી સાથે મળીને હત્યાનો કરી હોવાની કબૂલાત કરી હતી.

---

**78મા આઝાદ દિવસને લઇ શહેર બન્યું તિરંગામય**

### શહેરની ઇમારતોને રોશની-તિરંગાથી શણગારાઈ



આજે 15મી ઓગસ્ટે 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે વડોદરા શહેરમાં પાલિકા તંત્ર દ્વારા શહેરની ઐતિહાસિક ઇમારતોને તિરંગા ઝંડા તથા લાઇટોથી શણગારવામાં આવ્યા છે ત્યારે રાત્રે શહેરમાં ઐતિહાસિક ઇમારતો, સર્કલ ખાતે તિરંગા ઝંડા, લાઇટોની રોશનીથી ઝળહળી ઉઠ્યા છે અને શહેર જાણે દિવસ દેશભક્તિના રંગે રંગાયુ હોય તેવું લાગી રહ્યું છે. **(તસવીર : રણજીત સૂર્વે)**

---

# લો ફેકલ્ટીમાં એફિલેશન નહીં હોવાથી વિદ્યાર્થીઓને હાલાકી

**વિદ્યાર્થી** વિકાસ સંઘના વિદ્યાર્થીઓની રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

એમ.એસ. યુનિવર્સીટીની ફેકલ્ટી ઓફ લો પાસે બાર કાઉન્સિલમાં એફિલેશન નથી. તેના કારણે વિદ્યાર્થીઓને હાલાકી પડતી હોય વિદ્યાર્થી સંગઠન વીવીએસ દ્વારા લો ફેકલ્ટી ડીનને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

એમ.એસ.યુનિવર્સીટીમાં વિદ્યાર્થી વિકાસ સંઘના વિદ્યાર્થી નેતા પાર્થ પંડ્યા અને એડવોકેટ પાર્થ સુરતીની આગેવાની હેઠળ ફેકલ્ટી ઓફ લો ના ડીનને આવેદન આપવામાં આવ્યું હતું. છેલ્લા 4 વર્ષ થી એમ.એસ. યુનિવર્સીટીની ફેકલ્ટી ઓફ લો પાસે બાર કાઉન્સિલમાં એફિલેશન નથી. જેના પરિણામ સ્વરૂપી જે વિદ્યાર્થીઓ 2024 માં BALLB અને LLB માં પાસ થયા તેઓ અલગ અલગ રાજ્યોની



બાર કાઉન્સિલમાં રજીસ્ટર નથી થઇ શકતા તેમજ તેમને બાર કાઉન્સિલ વડે એવું કહેવામાં આવી રહ્યું છે કે તમારી કોલેજ બાર કાઉન્સિલ માન્ય નથી. તો આ વિદ્યાર્થીઓના પ્રશ્નો હલ થાય તેમજ આગામી સમયમાં કોઈ વિદ્યાર્થીઓ પાસ થઈને આગળ જાય ત્યારે તકલીફ ના પડે તેના માટે ડીનને આવેદન આપવામાં આવ્યું હતું. અને ટકોર કરવામાં આવી કે, જલ્દી થી જલ્દી કોલેજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં જઈ એફિલેશન મેળવે તેવી માંગણી કરવામાં આવી હતી.

### રાજ્યમાં આવકવેરા વિભાગના 196 અધિકારીઓની બદલી

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

ગુજરાત રાજ્ય વીરા આવકવેરા વિભાગમાં મોટાપાયે ફેરફારો કરાયા છે એડિશનલ જોઈન્ટ કમિશનર અને આસિસ્ટન્ટ કમિશનરની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. આવકવેરા અધિકારીઓની સામૂહિક આંતરિક બદલીના હુકમો ચીફ કમિશનર દ્વારા કરવામાં આવ્યા છે. ગુજરાતના 196 જેમાં એડિશનલ જોઈન્ટ કમિશનર અને 113 આસિસ્ટન્ટ કમિશનર એમ મળીને કુલ 196 આવકવેરા અધિકારીઓની સામૂહિક આંતરી બદલીના હુકમો કરવામાં આવ્યા હતા. જેમાં રાજકોટના ડોક્ટર રાજેન્દ્ર રાજને વડોદરા મૂકવામાં આવ્યા છે. હાલ તો એકાએક આ સામુહિક આંતરિક બદલીઓના કારણે નવા અધિકારીની નિમણૂક બાદ હવે ટૂંક સમયમાં મોટા પાયા દરોડા પડશે તેવું માનવામાં આવી રહ્યું છે. હાલ વડોદરાના મમતા સિંગને રાજકોટનો વધારાનો ચાર્જ સોંપાયો હોવાનું જાણવા મળ્યું હતું.

---

**ચોમાસાની શરૂઆતથી જ શહેરમાં ઠેર ઠેર ભૂવા ધૂણ્યા**

# મનીષા ચોકડી પાસે ટ્રાફિકમાં ઊભેલી કાર અચાનક ભૂવામાં ખબકી પડી

**વાહનોથી** સતત ધમધમતા વાસણા રોડ પર ભૂવો પડવાના કારણે લોકોમાં આશ્ચર્ય ફેલાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.14

સંસ્કારીનગરી વડોદરા હવે ખાડાનગરી બાદ ભૂવાનગરી બની હોય તેમ અવારનવાર જુદા-જુદા વિસ્તારોમાં ભુવા પડવાના બનાવો સામે આવી રહ્યા છે, તેવામાં આજે મનીષા ચોકડી નજીક મનીષા સોસાયટીના ગેટ પાસે ટ્રાફિકમાં ઊભા રહેલા એક કાર ચાલકના કારના ટાયર નીચેથી અચાનક જમીન સરકી ગઈ હતી.

વડોદરામાં ચોમાસાની રુતુમાં રોડ-રસ્તા પર પડતા ભૂવાઓએ નવો રેકોર્ડ બનાવ્યો છે. ચોમાસાની શરૂઆત પહેલાથી શરૂ થયેલો સિલસિલો આજદિન સુધી ચાલું છે. સમયાંતરે અલગ અલગ વિસ્તારોમાં ભૂવા પડવાની ઘટનાઓ સામે આવતી રહે છે. આજે શહેરના મનીષા ચોકડીથી વાસણા રોડ તરફ જવાના રસ્તે મોટો ભૂવો પડ્યો છે. વાહનોથી સતત ધમધમતા વાસણા રોડ પર ભૂવો પડવાના કારણે લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે. હાલ વરસાદ



નથી છતાં ભૂવો પડવાનો સિલસિલો જારી જ છે.

ઘટના અંગે જાણ થતા જ કોર્પોરેટર સંગીતાબેન ચોક્સી તાત્કાલીક ઘટના સ્થળ દોડી આવ્યા છે. અને ભૂવાનું રીપેરીંગ કાર્ય શરૂ કરવા માટે પાલિકાના સંબંધિત અધિકારીઓને જાણ કરી છે. તેમનું માનવું છે કે, રોડની નીચેથી પાણીની લાઈન પસાર થઈ રહી છે. તેમાં કોઈ ગડબડ થવાના કારણે આ ભૂવો પડ્યો હોઈ શકે છે.

મનીષા સોસાયટીના ગેટ પાસે પડેલા હાલ ભૂવાની આસપાસ બેરીકેટીંગ કરી દેવામાં આવ્યું છે. હવે આ ભૂવો કેટલા સમયમાં રીપેર થાય છે, તે જોવું રહ્યું.

# માંજલપુર રેલ્વે ફાટક ખામીને કારણે નહીં ખુલતા વાહનચાલકોને હાલાકી

**ના છૂટકે** ઓટો બાદ મેન્યુઅલ ફાટક ચાલુ બંધ કરવો પડ્યો

(પ્રતિનિધિ) વડોદરા.તા.14

શહેરમાં ઘણી વખત ટેકનિકલ ખામીને કારણે લોકો હેરાન પરેશાન બનતા હોય છે. તેવામાં બુધવારે બપોરે રેલ્વે ફાટક પર આવી એક ટેકનિકલ ખામીને કારણે વાહન ચાલકો પરેશાન થઈ ઉઠ્યા હતા.રેલવે ફાટક બંધ કર્યા બાદ વહેલા ખોલવામાં સમસ્યા ઉદભવતા અનેક વાહન ચાલકો અટવાયા હતા.

વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલ અવધૂત ફાટક ખાતે આજે એક તરફ બંધ જોવા મળ્યો હતો. જ્યાં રેલ્વે કર્મચારીને પૂછતા જાણવા મળ્યું હતું કે, એક તરફનો ફાટક જ્યારે ટ્રેન આવે એના અમુક સમય પહેલાં બંધ કરવામાં આવે છે, પણ બંધ કર્યા પછી જ્યારે ફાટક ખોલવાનો હોય છે ત્યારે એ ફાટક



ખુલતો નથી. કોઈ ટેકનીકલ ખામીના કારણે આ ફાટક ફરીથી ખૂલતો નથી, હાલ સમસ્યા બાદ તેની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. એક તરફ ફાટક બંધ હોવાના કારણે ફાટક પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આ ખામી બાદ રેલ્વે તંત્ર દ્વારા મેન્યુઅલી કર્મચારીના હાથે ફાટક ખોલવાની ફરજ પડી હતી.